પારસી નાટક મંડળીના

# કરણી તેવી પાર ઊતરણી

ના ખેલમાં ગવાતાં ગાયન.

૨૩૩૪

બનાવનાર

ફિરોજશાહ રૂસ્તમજી બાટલીવાલા.



મુંબઈ

ધી ઓંગ્લે જામે જમશેદ પ્રીંટીંગ પ્રેસ કંપની લીમીટેડ.

૧૮૮૫

કિંમત એક આનો.

૨૩૩૪

## ગાયન ૧ લું.

### જોગિયા--મરેઠી સાખી.

(હે જગદીશા દીન દયાળા નમિતો તવ ચરણાલા—એ રાહ.)

ધીરજ રાખો મારાં વ્હાલાં—ના રડશો તમ ખાલી,
કાકાએ તજિયાં તમને—પણ નહિ તજશે જગવાલી;
હાથે તે ઝાલી—કરશે પાર સાથ ચાલી. ૧

મૂંજિશ નહિ હું જાન આપવા—પ્રીય તમારે સારૂં,
સીવી સાંધી કષ્ટ કરીને—પોષણ કરિશ તમારૂં;
નેનોમાં રાખી—દુખ સર્વે વિસરી નાખી. ૨

લૂટયા જેણે હકો તમારા—તેનું રૂડું ચ્હાજો,
નેક હિદાયતથી ઓ સાહબ—તેને તમે નિવાજો;
એમ નમી ક્હેજો—આફત ધીરજથી રહેજો. ૩

---

## ગાયન ૨ જું.

### ભૈરવી--ગરબી.

કૈં દયા કરોરે દયા કરો—રે કાં બાવાજી ક્રૂર ઠરો;
રબના ડરથી તો જરા ડરો. ૧

મુજ કાકાના બેટા જેઓ—મારેછે હાય સદા તેઓ;
નાહક હક ના લૂટી લેઓ. ૨

ધન છતે ધાન્યને ધામ વના—દિવસો કાહડેછે બહુ દુખના;
પોકાર સુણો કોમળ મુખના. ૩

તમ દ્રવ્ય જમાવો મજ કાજે—હું કાળ મરિશ કે કાલ આજે;
કે મ્હા દુખ મુજ તનમાં ગાજે. ૪

શું ખોફ નથી તમને રબનો—રે ત્યાગ કરો બૂરી ઢબનો;
આપો આપો ના ક્રૂર બનો. ૫

## ગાયન ૩ જું.

### યમન કલ્યાણ--પદ.

(ચોરા થાઓ ચોરા વહાલા—એ રાહ.)

સહુ સિપાઇયો—ચાલો ચાલો ચટપટ છોડો ખટપટ આફત ભારી;
સહુ સિપાઇયો—ચોર ગયોછે—ગૂમ થયોછે—નજર સુકાવી સારી.

૧ લો—મેં તેને દીઠો જાતો,
૨ જો—પણ ક્યાંછે તે નહિ પાતો;
૧ લો—જા નહિતો ખાશે લાટો,
૨ જો—જા જા મર આજારી.
૩ જો—મેં તેને સ્વપને જોયો,
૩ જો—તે મુજને દેખી રોયો;
૪ થો—ત્યારે તેને કાં ખોયો,
૧-૨-૩ જો—ધન તારી હુશિયારી.

સઘલા—ચાલો લડતાં નહિ વળશે,
સઘલા—એમ ચોરતો નહિ મળશે;
સઘલા—ચાલો ઝટ મ્હેનત ફળશે,
સઘલા—છોડો જુઠ હુશિયારી.

## ગાયન ૪ થું.

(રાહ ઇંગરેજી—બોની ડંડી સોંગ.)

હું જોઇ અજબ થઇ અતિ,
કાં ઝાડને ન છે ગતિ,

કાં દિધી મનુષને મતિ,
કરવા સરદારી ખતિ.

(કોરસ) રે જગત જુગત સત નહિ,
છે કુલ કુદરત જુઠ સહિ,
જે રબ મગજ અકલ કહિ,
તે સહુ સમજ અસત રહિ. ૧

નહિ સિંગડે દિપે ખર,
ન ઉડે મનુષ હવા પર,
ન રહે કાંય સહુ અમર,
ન કબૂ જોઇયે કબર. ૨

(કોરસ) રે જગત જુગત સત નહિ,
છે કુલ કુદરત જુઠ સહિ,
જે રબ મગજ અકલ કહિ,
તે સહુ સમજ અસત રહિ.

---

## ગાયન ૫ મું

(રાહ ઈંગરેજી—સુલતાન પોલકા.)

ચાલ ચાલ ચાંદા દૂર—જા નીકળ વેરી મારા;
કાળ કાળ તું છે ક્રૂર—નહિ દેખું ચાળા તારા. ૧

ન્હાનો મોટો થઇ ઝમકી—લલચાવે લોકો ભોળાં;
માનું નહિં તારી ધમકી—જા જા ઠગ કુતરાં કોળાં. ૨

આવ આવ બેન—વ્હાલી પોપટ બેન,
તું છે પ્યારી—સત્યે મારી—દેખીને સીતળ છે નેન;
સુ:ખ દુ:ખ વાત—કરિયે સંતઇ સાથ,
જો જો પેલો—ચાંદો ઘેલો—ધરશે તારો હાથ હાથ. ૩

---

# ગાયન ૬ ઠું

(રાહ ઈંગરેજી—રતઈ મેડમ ઈઝ માઈ નેમ—એ રાહ.)

શું અજબ જમાનો આયો—કે જવાન થયા શાણા,
વહ તડમતડાક બિરાજે—જાણે મોતી દાણા;
મોટી મોટી કરિ વાતો—જાણે રૂડા ગાણા,
દિલનાછે મોટા દરિયા—પણ ખીશાના કાણા.

(કોરસ) જૂઠા કૈં અકડે—જૂઠા કૈં અકડે,
ખાલી ખોખાંઓ ખખડે;
ખોટાં ડોલ કરી રખડે;
જૂઠા કૈં અકડે—જૂઠા કૈં અકડે,
કોરા વાગાએ કકડે,
ઘરમાં પરણી ફફડે. ૧

જો સાહ કદમને છેટે—કદિ જવું હોય ભાઈ,
તો બગી ટ્રામવે દેખી—પગ જાએ ફસડાઈ;
નાજુક નારીની માફક—ચાલેછે મચકાઈ,
રાતે તો બાળા જોઈ—ભડકેછે ગભરાઈ.

(કોરસ) જૂઠા કૈં અકડે—જૂઠા કૈં અકડે,
ખાલી ખોખાંઓ ખખડે;
ખોટા ડોલ કરી રખડે;
જૂઠા કૈં અકડે—જૂઠા કૈં અકડે,
કોરા વાગાએ કકડે,
ઘરમાં પરણી ફફડે. ૨

ત્રિસ રૂપિયા કમાઇ લાવી—દસનાં તો બૂટ લિયે,
વળિ ઠંડાં બરફ વિના તો—પાણી નહિ કમ પિયે;
પોતાની ફરજ ન જાણી—બીજાંને શીખ દિયે,
રે સુણી લિયો નાદાનો—પાખંડો નિત તજિયે.

(કોરસ) જૂઠા કૈં અકડે—જૂઠા કૈં અકડે,
ખાલી ખોખાંઓ ખખડે;
ખોટાં ડોલ કરી રખડે;
જૂઠા કૈં અકડે—જૂઠા કૈં અકડે,
કોરાં વાગાએ કકડે,
ઘરમાં પરણી ફફડે. ૩

## ગાયન ૭ મું.

રાહ ઈંગરેજી—નહિ મુજસમ કોઇ અલબેલો.—એ રાહ.

પીએ કોઈ બસ ક્હેરમાં,
પીએ કોઈ ખુશ લ્હેરમાં;
પીએ બુઢ્ઢાઓ જવાન થવા,
પીએ થાક્યો થાકો નજવા,
પીએ બીમાર સમાન દવા;
સુણ ગુણછે દારૂમાં ઘણા. ૧

પીએ જાગૃત ઉંઘ લાગવા,
પીએ નિંદ્રાળૂ જાગવા;
પીએ કોઈ દૂવા ગ્હાઈ,
પીએ સરદીથી અકળાઈ,
પીએ જેણે ભુખ નહિ ભાઈ;
સુણ ગુણછે દારૂમાં ઘણા. ૨

પીએ કોઈ ગમ ટાળવા,
પીએ કોઈ મૂઠ વાળવા;
પીએ જો ગ્લાસ તોજ સારૂં,
પીએ બે તો સમજ્યા વારૂં,
પીએ બહુ તે કરશે કરૂં;
સુણ ગુણછે દારૂમાં ઘણા. ૩

## ગાયન ૮ મું.

### ખમાચ--દાદરો.

(કાંઈ લટક મટક ચલત મોહન આવે—એ રાહ.)

ભલા દિઠા ગરિબ ઘરે સદગુણ બહુ ભાઈ—સવાઈ;
ધનપતિને ધામ રહ્યા દુરગુણો સમાઇ. ૧

ગરિબ નેક દયાનતે કરે સદા કમાઈ;
મોટા કૈં બદીમાં રહે નિત લપટાઇ. ૨
ગરિબ કરજ અદા કરે દુખથી અકળાઈ;
મોટા કૈં ગરીબના લુટે હક મલકાઇ. ૩
ગરિબ સદા ભજન કરે રબના ગુણ ગાઈ;
મોટા કૈં મરે દ્રવ્ય કાજે પછડાઇ.

## ગાયન ૯ મું.

### જંગલો-પદ.

(ભવ ભય હર મંગલ મય પાવકો મળા—એ રાહ.)

જો જો માળી ફુલ વિણવા તુ દે મને;
હાથો જોડી અરજી હું કરૂં તને.
સુંદર આ બાગ જોઇ આંખ નહિ ઠરે,
હાથો તો તોડવાજ તરફડે ખરે,
નાખતો સુગંધતણી આશમાં ફરે;
લીલું—પીલું—નીલું,
સહુ જોઈ—સુધ ખોઈ—વળિ રોઈ—દિલ દુખી બને. ૨
આજતો સવાર ટાંકણે સહુ ફુલો,
રડતાં ભીંજાઇ ગયાં આંસુથી ગુલો,
વિન દેખે મુજને મુંઝાય બુલ બુલો;
માળી—વાલી—ખાલી,
ના હઠ કર–શિશ પગ પર–ધરિ જગધર–વરિશ તનમને. ૩
લાલી ચોરો મુજ ગાલની ગુલાબે,
નરગીશે નેન લુટ્યાં જો પડિ ખાબે,
એ એને કર સજા તુ ઝટ તે બાબે;
કાપો—આપો—આપો,
દમ અકડી—ઝટ પકડી—બહુ જકડી—રગડજો તને. ૪

# ગાયન ૧૦ મું.

## બરહંસ--ગરબી.

(સરસ સજી સણગાર સિધારયો.--એ રાહ.

પતિવણ જગમાં જિવતર ખોટું;
તૂંહી સહુ આધારરે.— ૧.

પશુ પક્ષી સહુ જિવજંતોનાં—જોડાં કરી અપારરે;
જગત વસાવા સકલ જોડથી—રાજીછે કરતારરે. ૨

જયાં દેખું ત્યાં પ્રેમ ગાંઠથી—બાંધ્યાંછે નરનારરે;
તેમ એજ રચની ન હોત તો—જોડ ન કરતે ત્યારરે. ૩

જિવતાં શું પણ નજિવ ચીજમાં—જોડાંનોછે પ્યારરે;
તેમ જડત વણ રતન ન શોભે—હાથા વણ હથિયાર રે. ૪

---

# ગાયન ૧૧ મું.

## કાફી--ઠુમરી.

(પ્રીમદારા દરદર તુમ દરના.--એ રાહ.)

જનમીં શું આ જગતમાં—દીવાની,
દુખના દગમાં—પડી પડી નિત રડિ રડિ મરવા,
રે હો ખુદા શું હું બંદિખાને;
નિત નિત રડિયા કરૂં—ડરથી ડરૂં—તફડી મરૂં. ૧

આવ આવરે વ્હાલા ભાઈ—મારી મદદે તું;
નહિ તો જિવપર આવી માથું—પટકી નાખિશ હું. ૨

# ગાયન ૧૨ મું.

## ભૈરવી--પદ.

(મોરલી બાજી રે—એ રાહ.)

શુકર કરૂં હું લાખ લાખ નિત તારા હો જગવાલી;
માનું તારાં હુકુમ જિગરથી નેક ચાલ હું ચાલીરે. ૧
તમ વણ ખાલિક ઓ જગ માલિક કુલ દુનિયાછે ખાલી;
જ્યાં દેખું ત્યાં તમ ઝમકોછો સકલ જગતને પાલીરે. ૨
દુખિયારીનાં દુખને હરવા ટાલીછે જંજાલી;
સુખનો સૂરજ તમે ઉગાડ્યો કાપી દુખ નિશ કાલીરે. ૩
બંદીખાને રડતાં રડતાં ફેલી આંખે લાલી;
પાર ઉતારી તે દુખથી તેં—મુજ હાથોને ઝાલીરે. ૪

# ગાયન ૧૩ મું.

રાહ ઈંગરેજી—ગલોરી ગલોરી એબીસીનેયા.

નેક ખસલત માનવી,
નિત્ય સુખસમ જાનવી,
પાપ ખટપટ માનવી,
લેતો ના તું માથે.
મુર્ખ પરધન ખાઇને.
પાપ ગુણ નિત ગાઇને,
સાથ પરદુખ લ્હાઇને,
જાશે ખાલી હાથે. ૨
ફિક્ર કર બદખોજની,
સત્ય સદગુણ ખોજની,
માન અરજ ફિરોજની,
લેજે નેકી સાથે. ૩